અધિકારીઓનો અજીબોગરીબ નિયમ, "પહેલા સોસાયટી ૧૦ વર્ષ જૂની થવા દો !"

# વડાપ્રધાનના આગમન ટાણે પોલ ખોલતું ચિત્ર, કરોડોના ખર્ચે બનેલું વેમાલી તળાવ કચરા-ગંદકીથી ખદબદ્યું

**વડોદરાનું** 'સ્માર્ટ' વેમાલી ગામ, નર્મદાના નીર વહી જાય નદીમાં, ને ટેક્સ ભોગવતી જનતા તરસતી રહે ટીપાં-ટીપાં પાણી માટે !




(પ્રતિનિધિ ) વડોદરા તા.2

દેશના વડાપ્રધાનના આગમનને પગલે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સાફ-સફાઈ અને રંગરોગાનનો મેગા શો ચાલી રહ્યો છે, પરંતુ આ ચમક-દમક પાછળની વાસ્તવિકતા કેટલી સાચી છે તેની જીવંત સાક્ષી પુરૂ પાડે છે 'સ્માર્ટ સિટી' વડોદરાનું વેમાલી ગામ ! વર્ષ ૨૦૨૦માં કોર્પોરેશનમાં સમાવાયેલા આ ગામને વિકાસના નામે માત્ર આશ્વાસનો અને આંસુ સિવાય કશું જ મળ્યું નથી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કથિત વિકાસની વાતો અહીં આવીને ઘૂંટણિયે પડી જાય છે.

આશ્ચર્યની પરાકાષ્ઠા તો એ છે કે વેમાલી તળાવની બિલકુલ બાજુમાંથી જ નર્મદા કેનાલ પસાર થાય છે, જેનું લાખો ગેલન ચોખ્ખું પાણી સીધું વિશ્વામિત્રી નદીમાં વહીને વેડફાઈ રહ્યું છે. જો તંત્ર આ પાણીને વાળીને વેમાલી તળાવમાં છોડે, તો આજુબાજુના ભૂગર્ભ જળ ઊંચા આવે અને બંધ પડેલા અસંખ્ય બોર રિચાર્જ થઈ શકે. પરંતુ પાલિકા પાસે આવી કોઈ લોકઉપયોગી 'સ્માર્ટ' યોજના જ નથી ! પરિણામે, એક તરફ તરસ્યું ગામ છે અને બીજી તરફ પાણીનો અખૂટ બગાડ થઈ રહ્યો છે. સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે દારૂબંધીની વાતો વચ્ચે વેમાલી તળાવમાં દેશી દારૂની પોટલીઓના ઢગલાં જોવા મળી રહ્યાં છે.

વેમાલી વિસ્તારના ફ્લેટ્સ અને સોસાયટીઓના બોર પાણીના તળ નીચે જતા કાયમ માટે બંધ થઈ ચૂક્યા છે. સ્માર્ટ સિટીના નિયમિત વેરા ભરતી જનતા આજે પીવાના પાણી માટે રોજબરોજ મોંઘા ભાવના પ્રાઈવેટ ટેન્કરો મંગાવવા અને પાણીના જગ ખરીદવા મજબૂર બની છે. રહીશોનો સવાલ છે કે જો ટેક્સ પૂરેપૂરો વસૂલાતો હોય, તો પાયાની સુવિધા કેમ નથી ?

જ્યારે સ્થાનિક લોકો પાણીની નવી લાઈન માટે VMC કચેરીએ દોડે છે, ત્યારે અધિકારીઓ એવો ગોળ-ગોળ અને રમુજી જવાબ આપે છે કે '૮૦/૨૦ સ્કીમ' મુજબ નવી નળિકા ત્યારે જ નખાશે જ્યારે સોસાયટીને બનેલા ૧૦ વર્ષ થઈ ગયા હોય ! હવે સવાલ એ થાય કે નવી બનેલા મકાનોમાં રહેતા લોકો શું માનવી નથી ? શું તેઓ ટેક્સ નથી ભરતા ?

વર્ષ ૨૦૨૩માં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ આ જ તળાવ પાછળ કરોડો રૂપિયાનું નવીનીકરણ કાગળ પર બતાવી દેવાયું હતું. સામાજિક કાર્યકર કમલેશ પરમાર દ્વારા નરેન્દ્ર મોદીના ફોટા સાથે આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે અને આ મામલે સ્ટેટ વિજિલન્સ તપાસની માંગ કરવામાં આવી છે. તળાવમાં ગંદકીનું સામ્રાજ્ય અને કરોડોના અંધાધૂંધ ખર્ચ છતાં શૂન્ય પરિણામ એ વાતની સાક્ષી પૂરે છે કે કાગળ પરનો વિકાસ જમીન પર માત્ર ભ્રષ્ટાચાર બનીને વરસી રહ્યો છે. શું તંત્ર કુંભકર્ણી નિદ્રામાંથી જાગશે અને ઉચ્ચ સ્તરીય તપાસ દ્વારા સત્ય બહાર લાવશે ?

૮ સપ્ટેમ્બરના કાર્યક્રમમાં ૬થી ૭ હજાર પ્રોફેશનલ્સ અને યુવાનો જોડાશે

# PM મોદીના કાર્યક્રમ માટે સર્કિટ હાઉસ ખાતે બેઠકોનો દોર: ફક્ત ઈનવાઈટ અને રજીસ્ટ્રેશનથી મળશે પ્રવેશ

**૨૦૪૭ના** વિકસિત ભારતના નિર્માણ માટે વડોદરાના પ્રોફેશનલ્સ અને તાલીમાર્થી યુવાનો સાથે વિશેષ વાર્તાલાપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી ૮ સપ્ટેમ્બરના વડોદરા આગમન અને કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે વડોદરાના સર્કિટ હાઉસ ખાતે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ₹વિકસિત ભારત₹, ₹ફ્યુચર ઈન્ડિયા₹ અને ₹ફ્યુચર વડોદરા₹ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા વિવિધ ક્ષેત્રના પ્રોફેશનલ્સને ઉત્સાહભેર જોડવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



આયોજકો દ્વારા જણાવ્યા મુજબ, આ ખાસ કાર્યક્રમ રજીસ્ટ્રેશન અને આમંત્રણ આધારિત જ રહેશે. વ ડોદરાના આશરે ૬,૦૦૦ થી ૭,૦૦૦ જેટલા કાર્યરત પ્રોફેશનલ્સ જેવા કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, તબીબો, એન્જિનિયરો, મેડિકલ પ્રોફેશનલ્સ, એડવોકેટ્સ તથા સર્વિસ ક્ષેત્ર સાથે જોડાયેલા અગ્રણીઓ આ કાર્યક્રમમાં હાજરી આપશે. આ ઉપરાંત પ્રોફેશનલ્સ સાથે વિવિધ તબક્કાની બેઠકો પૂરી થઈ છે અને તેઓ આગામી પદયાત્રા તેમજ સાયકલ યાત્રા જેવા કાર્યક્રમોમાં પણ ભાગ લેશે.

નેશન બિલ્ડિંગ વર્કશોપના તાલીમાર્થીઓ અને વિદ્યાર્થીઓ પણ જોડાશે: 'નેશન ફર્સ્ટ ફોર બિલ્ડિંગ વિકસિત ભાર ત'ના સંકલ્પ સાથે અગાઉ યોજાયેલા ૫ દિવસીય ટ્રેનિંગ કેમ્પ અને વર્કશોપમાં ભાગ લેનાર યુવાનો તથા વિદ્યાર્થીઓ સાથે પણ વાર્તાલાપ કરાયો છે. આ અભિયાનમાં હિન્દુ ફાઉન્ડેશન તેમજ એમ.એસ. યુનિવર્સિટીના એલ્યુમિનાઈ સહિત ૨૨થી વધુ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા છે.

વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણ માટે આજે યોગદાન આપી રહેલા આ યુવાનો અને પ્રોફેશનલ્સ આવનારા ૨૦ વર્ષોમાં દેશના નિર્ણાયક હોદ્દાઓ પર રહીને દેશના વિકાસની દોર સંભાળશે. આ જ હેતુથી 8મી સપ્ટેમ્બરના વડાપ્રધાનના કાર્યક્રમમાં આ તમામ વિદ્યાર્થીઓ અને યુવાનો હાજરી આપશે.

# વડોદરા શહેર મસ્જીદ સભાની નવી સ્કીમને શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓનું સમર્થન

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેર મસ્જીદ સભા વકફ નં. બી-૩૧૭/વડોદરા માટે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવેલી નવી સ્કીમને સમર્થન આપતી અરજી આજે વડોદરા શહેરના મુસ્લિમ સમાજના વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત નાગરિકો, શિક્ષણવિદો, સામાજિક અગ્રણીઓ અને વકફના હિતમાં રસ ધરાવતા વ્યક્તિઓ દ્વારા ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવાયું છે કે નવી સ્કીમ તૈયાર કરવાની પ્રક્રિયામાં કાયદા, શિક્ષણ, સામાજિક સેવા, જાહેર જીવન અને ધાર્મિક ક્ષેત્રના અનુભવી વ્યક્તિઓ, IPCL જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી નિવૃત્ત થયેલા અનુભવી અધિકારીઓ અને પ્રોફેશનલ્સ તેમજ ઈસ્લામિક વિદ્વાનોના જ્ઞાન અને અનુભવનો લાભ લેવામાં આવ્યો છે.




આ નવી સ્કીમને સમર્થન આપનારાઓમાં વડોદરાની પ્રતિષ્ઠિત શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા અગ્રણીઓ, સ્કોલરશિપ અને શૈક્ષણિક સહાય માટે કાર્ય કરતી સંસ્થાઓના પ્રતિનિધિઓ, બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ ચલાવતી સંસ્થાઓના જવાબદાર વ્યક્તિઓ, યુવાનોના રોજગાર અને કૌશલ્ય વિકાસ માટે કાર્યરત લોકો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન આપતી સંસ્થાઓના પ્રતિનિધિઓ, ખાનકાહો અને ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ, ઈસ્લામિક વિદ્વાનો, યુનિવર્સિટી-કોલેજોના પ્રોફેસરો, નિવૃત્ત ક્લાસ-૧ અધિકારીઓ, ડોક્ટરો, એડવોકેટ્સ, કાયદાના નિષ્ણાતો, સામાજિક કાર્યકરો અને વિવિધ ક્ષેત્રના પ્રોફેશનલ્સનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન અને ઔદ્યોગિક પદ્ધતિઓનો અનુભવ મળશે

# MSU પોલિટેકનિકમાં રૂ. ૨૦ લાખના ખર્ચે કૌશલ્ય વિકાસ કેન્દ્રની સ્થાપના

**બ્લુ સ્ટારના** સહયોગથી વિદ્યાર્થીઓને આધુનિક ટેકનિકનું પ્રાયોગિક જ્ઞાન મળશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)ની પોલિટેકનિક ખાતે બ્લુ સ્ટાર લિમિટેડના સહયોગથી અદ્યતન કૌશલ્ય વિકાસ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. કેન્દ્રનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. ભાલચંદ્ર એમ. ભણગેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્લુ સ્ટાર લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ વી. જયપ્રકાશ સન્માનનીય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

બ્લુ સ્ટાર લિમિટેડ દ્વારા આ કૌશલ્ય વિકાસ કેન્દ્ર માટે અંદાજે રૂ.20 લાખનું રોકાણ કરવામાં આવ્યું છે. કેન્દ્રમાં આધુનિક એર-કન્ડિશનિંગ તથા કોમર્શિયલ રેફ્રિજરેશનના વિવિધ સાધનો સ્થાપિત કરવામાં આવ્યા છે. જેના માધ્યમથી વિદ્યાર્થીઓને માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતું મર્યાદિત ન રહેતા પ્રાયોગિક તાલીમ તેમજ ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાતી આધુનિક પદ્ધતિઓનો સીધો અનુભવ મળી શકશે.



આ કેન્દ્રનો લાભ મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન, આર્કિટેક્ચરલ આસિસ્ટન્ટશિપ અને પેટ્રોકેમિકલ ટેક્નોલોજી સહિતના અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને મળશે. આધુનિક ટેક્નોલોજી અને ઔદ્યોગિક જરૂરિયાતોને અનુરૂપ તાલીમ મળવાથી વિદ્યાર્થીઓની કૌશલ્ય ક્ષમતા સાથે તેમની રોજગારક્ષમતામાં પણ વધારો થશે.

# ભરૂચ જિલ્લા સરકારી વકીલોનું સામૂહિક રાજીનામું : કાનૂની વર્તુળોમાં ચકચાર

**જે.બી. પંચાલ**ને જિલ્લા સરકારી વકીલનો અતિરિક્ત ભાર, જ્યારે ડિરેક્ટરેટે રાજીનામા ફગાવવાની ભલામણ કરી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.2

ભરૂચ જિલ્લાના મુખ્ય સરકારી વકીલ પરેશ પંડ્યા અને મદદનીશ સરકારી વકીલ નીલમ મિસ્ત્રીએ અચાનક સરકારી પદ પરથી રાજીનામું આપતાં જિલ્લાના કાનૂની વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. બંને વકીલોના આ આકરા નિર્ણયથી કોર્ટખંડોમાં ચર્ચાઓનું મોજું ફરી વળ્યું છે, જ્યારે તેમણે અત્યાર સુધી આ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરી નથી.

સરકારે તાત્કાલિક અસરથી રાજીનામાં મંજૂર કરી, એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર જે.બી. પંચાલને જિલ્લા સરકારી વકીલનો વધારાનો ચાર્જ સોંપી દીધો છે.



જોકે, ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન વિભાગે આ રાજીનામાં અસ્વીકાર કરી, બંનેને ફરજ પર યથાવત રાખવાની ભલામણ સરકારને કરી છે, જેણે આ સમગ્ર ઘટનાને વધુ રહસ્યમય બનાવી છે.પરેશ પંડ્યા રાજ્યના અનેક ચકચારિત કેસોમાં સરકાર તરફથી મુખ્ય ભૂમિકામાં રહી ચૂક્યા છે. તેમના વખતમાં ઝઘડિયા બાળકી દુષ્કર્મ-હત્યા કેસ - જેમાં તેમણે એક પણ રૂપિયો ફી લીધા વિના આરોપીને ફાંસીની સજા અપાવી હતી.હાંસોટ રમખાણો અને ડબલ મર્ડર કેસ - તેમની ધારદાર દલીલોએ સરકારનો પક્ષ મજબૂત કર્યો હતો. વટારીયા સુગર ગેરવહીવટ કેસ તેમજ હીરા જોટવા સામેનો મનરેગા કૌભાંડનો કેસ - દરેકમાં તેમણે તાર્કિક અને કાયદેસરની સચોટ દલીલોથી સરકારી પક્ષને મજબૂતી આપી. આ રાજીનામાં બાદ ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન વિભાગે ચિંતા વ્યક્ત કરી છે. નોંધપાત્ર છે કે વર્ષ 2022માં નિમાયેલા 5 પૈકી 4 મદદનીશ વકીલો વિવિધ કારણોસર સેવામુક્ત થઈ ગયા છે, જેથી ભરૂચ જિલ્લા કોર્ટમાં સરકારી વકીલોની મહેકમમાં ગંભીર કર્મચારી કટોકટી સર્જાઈ હોવાનું પણ સામે આવ્યું છે.હજુ સુધી કોઈ સ્પષ્ટ જવાબ નહીં. પરેશ પંડ્યા કે નીલમ મિસ્ત્રીએ કોઈ નિવેદન આપ્યું નથી, જ્યારે સરકારી તંત્ર પણ મૌન છે.

# મોદીના સ્વાગત માટે વડોદરા જિલ્લામાં યોજનાઓના વિશેષ કેમ્પ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૮ના રોજ વડોદરા ખાતે પધારી રહ્યા હોવાથી તેમના સ્વાગતને યાદગાર અને જનકલ્યાણલક્ષી બનાવવાના હેતુથી વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ અને પાત્ર લાભાર્થીઓ સુધી પહોંચાડીને આ યોજનાઓને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવાની દિશામાં શહેર-જિલ્લામાં વિશેષ લાભાર્થી કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ વિશેષ અભિયાન અંતર્ગત વિધવા સહાય યોજના, વ્હાલી દીકરી યોજના, નિરાધાર સહાય, હેલ્થ એન્ડ વેલનેસ કાર્ડ, નમોશ્રી, આયુષ્માન કાર્ડ, માતૃશક્તિ, બાલશક્તિ, પૂર્ણાશક્તિ, પાલકવાલી, નમો લક્ષ્મી, નમો સરસ્વતી, શિષ્યવૃત્તિ



સહિતની વિવિધ યોજનાઓનો લાભ પાત્ર લાભાર્થીઓને આપવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ફાર્મર રજીસ્ટ્રી, કિસાન ક્રેડિટ કાર્ડ, પીએમ કિસાન યોજના તેમજ નાણાકીય સાક્ષરતા સંબંધિત યોજનાઓનો પણ વ્યાપક લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે.

કલેક્ટર ડો. અનિલ ધામેલિયા અને નિવાસી અધિક કલેક્ટર શ્રી બી. એસ. પટેલના માર્ગદર્શન હેઠળ વડોદરા શહેર ઉપરાંત જિલ્લાના તમામ તાલુકાઓના વિવિધ ગામોમાં પણ આ વિશેષ કેમ્પો યોજાઈ રહ્યા છે. નાયબ કલેક્ટરોને તાલુકાવાર જવાબદારી સોંપવામાં આવી છે. નાયબ કલેક્ટર શ્રી સુહાની કેલૈયા સંકલન કરી રહ્યા છે.

# વડોદરા જિલ્લાના બાગાયત કરતા ખેડૂતોને બાગાયત વિભાગની યોજનાઓનો લાભ લેવા અનુરોધ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા જિલ્લામાં બાગાયત વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અમલીકૃત થનાર નવી સહાયલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે બાગાયત ખેડૂતો પાસેથી i Khedut Portal 2.0 પર તા. ૦૩/૦૯/૨૦૨૫ થી તા. ૧૭/૦૯/૨૦૨૫ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાન્ય જાતિના બાગાયત ખેડૂતોને ઉપરોક્ત યોજનાઓનો લાભ લેવા માટે નજીકના ઈ-ગ્રામ સેન્ટર અથવા ખાનગી ઈન્ટરનેટ સેન્ટર પર જઈ આધારકાર્ડની નકલ, બેંક ખાતાની વિગતો સહિત જરૂરી દસ્તાવેજો સાથે સમયસર અરજી કરવા જણાવવામાં આવ્યું છે. ઓનલાઈન અરજી કર્યા બાદ તેનો પ્રિન્ટઆઉટ મેળવી લેવા પણ અરજદારોને ખાસ નોંધ લેવા જણાવાયું છે. આ યોજનાઓ અંતર્ગત બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોના વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ તેમજ ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમનો સમાવેશ થાય છે.

બાળ કેન્સરની સમયસર ઓળખ અને સારવાર અંગે નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું

# વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે 'નેશનલ ટ્રેનિંગ પ્રોગ્રામ ઈન પ્રેક્ટિકલ પેડિયાટ્રિક ઓન્કોલોજી' સંપન્ન

**બાળ** કેન્સર જાગૃતિ માસ નિમિત્તે કેનકિડ્સ કિડ્સકેન અને સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગનું સંયુક્ત આયોજન

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

બાળ કેન્સર જાગૃતિ માસના અવસર પર વડોદરાની સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગ અને કેન કિડસ... કિડસકેન' (CanKids...KidsCan) સંસ્થાના સંયુક્ત ઉપક્રમે સયાજી હોસ્પિટલ ખાતે નેશનલ ટ્રેનિંગ પ્રોગ્રામ ઈન પ્રેક્ટિકલ પેડિયાટ્રિક ઓન્કોલોજીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય વિષય પ્રારંભિક ઓળખથી લઈને સંયુક્ત સારવાર સુધી પેડિયાટ્રિક ઓન્કોલોજી



પ્રેક્ટિસને મજબૂત કરવી રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સામાન્ય બાળરોગ નિષ્ણાતો, પીડિયાટ્રિક ટ્રેઈનીઝ અને ક્લિનિશિયનોને બાળ કેન્સરની સમયસર ઓળખ, રેફરલ અને યોગ્ય વ્યવસ્થાપન માટે પ્રશિક્ષિત કરવાનો હતો, જેથી સારવાર અને સર્વાઈવલ રેટમાં મોટો સુધારો થઈ શકે.

કાર્યક્રમનો શુભારંભ સયાજી હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રંજન અય્યર, ડીન ડૉ. ધવિત્રી પરમાર, એડિશનલ ડીન ડૉ. ડી. ડામોર અને આર.ડી.ડી. ડૉ. સુરેન્દ્ર જી. જૈન દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સયાજી હોસ્પિટલના પેડિયાટ્રિક વિભાગના વડા ડૉ. ઓમપ્રકાશ શુક્લાએ પણ વિશેષ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનું પ્રોત્સાહન અને સમર્થન પૂરું પાડ્યું હતું.

આ તાલીમ વર્કશોપમાં તબીબી ક્ષેત્રના અતિ-વિશિષ્ટ નિષ્ણાતોની ફેકલ્ટી દ્વારા બાળ કેન્સરના વિવિધ પાસાઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. મહર્ષિ ત્રિવેદી, ડૉ. હેલી પંકજભાઈ રાવલ, ડૉ. ગીતા ખટવાણી, ડૉ. નિશાંત વર્મા, ડૉ. અશ્રુતિ આર. કાચા, ડૉ. ઘોષા પંડવ, ડૉ. યામિની પટેલ અને ડૉ. પરા ત્રિવેદીએ બાળ કેન્સરના સંચાલનના સિદ્ધાંતો, એક્યુટ લ્યુકેમિયા અને લિમ્ફોમા, બ્લડ કમ્પોનન્ટ્સ તેમજ ઓન્કોલોજી પ્રોસીજર્સ અને કેમોથેરાપી દવાઓ વિશે ખૂબ જ ઉપયોગી ટેકનિકલ સત્રો લીધા હતા.

# બોડેલી પોલીસે 7 મહિનાથી ફરાર પ્રોહિબિશનના આરોપીને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.2

પી.એસ.બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓએ સ્ટાફના પોલીસ માણસોને નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ, જે આધારે સર્વેલન્સ સ્ટાફના માણસો બોડેલી ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પી.એસ.બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર નાઓને અંગત બાતમીદારથી બાતમી મળેલ કે ડભોઇ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનાના કામે નાસતો ફરતો આરોપી રણજીતભાઈ ઉર્ફે પીન્ટુ જશવંતભાઈ જાદવ રહે- કડાછલા,હીંમતનગર ફળીયુ તા-બોડેલી જી-છોટાઉદેપુર નાનો મોડાસર ચોકડી ઉપર ઉભો છે અને તેને બદનમા આછા વાદળી કલરનુ આખી બાયનુ શર્ટ તથા કમરમાં આછા વાદળી કલરની નાઈટી પેન્ટ પહેરેલ છે જે હકીકતની સમજ કરતા મોડાસર ચોકડી ઉપર પહોચી સદરી ઈસમને પકડી પાડી ગુના સબંધે પુછપરછ કરતા સાતેક માસ અગાઉ ડભોઇ પોલીસ સ્ટેશનમા હ્યુંડાઇ 120 ગાડીમા વિદેશી દારૂ પકડાયેલ હતો.


**વડોદરા મહાનગરપાલિકા**

**આકારણી શાખા**

**વ્યવસાય વેરો ભરવા અંગેની સુચના**

વડોદરા મહાનગરપાલિકાની હદમાં વ્યવસાય કરતાં વ્યવસાયીઓ કે જેઓ વ્યવસાય વેરા શિડ્યુલ-૧ માં એન્ટ્રી નં. ૦૨ થી ૧૦ માં સમાવિષ્ટ હોય તેવા વ્યવસાયીઓએ (વેતનદાર અને પગારદાર સિવાયના) ગુજરાત રાજય સરકારશ્રીના નાણાં વિભાગના નોટીફીકેશન નં GHN(9)PFT-2008-S.2(99) (1)-TH તા. ૦૧-૪-૨૦૦૮ થી વડોદરા મહાનગરપાલિકામાં વ્યવસાય વેરો ભરવા પાત્ર થાય છે.

**વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો વ્યવસાય વેરો ભરવાની છેલ્લી તારીખ ૩૦.૦૯.૨૦૨૬ છે.** વ્યવસાય વેરો ભરવા નિયત સમય વિત્યા બાદ જમા કરવામાં આવતા વ્યવસાય વેરા ઉપર વ્યાજ અને પેનલ્ટી લાગુ પડે છે.

- વ્યવસાયવેરા કાયદાની જોગવાઇ હેઠળ વ્યકિત/સંસ્થા પાસે બાકી નિકળતી વેરાની રકમ,દંડ,વ્યાજ સહીત તમામ બાકી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલી શકાય છે.
- કામે રાખનાર નિયત સમયમાં અથવા માંગણા નિર્દેશ કરે તે તારીખ સુધીમાં વેરો ન ભરે તો લેણા તથા વેરાની રકમના ૫૦% સુધી દંડને પાત્ર બને છે. તેની તમામ વ્યવસાય વેરા કરદાતાઓએ નોંધ લેવી.
- કામે રાખનાર નિયત સમય મર્યાદામાં પત્રક ફાઇલ(ફોર્મ-૦૫) ન કરે તો આવા વિલંબ માટે રૂ. ૧૦/- દૈનિક દંડ બને છે. કામે રાખનાર/નોંધાયેલ વ્યકિત નિયત સમય મર્યાદામાં વેરો ન ભરે તો વેરાની રકમ પર વ્યાજ ભરવાને જવાબદાર થાય છે.
- વ્યવસાયકારોને ધંધો/કામકાજ શરૂ કર્યાની તારીખથી દિન ૬૦માં નોંધણી કરાવવાની રહે છે.PRC માટે નિયત નમૂના ફોર્મ નંબર -૧ અને PEC માટે નિયત નમૂના ફોર્મ-૩ માં આપના વોર્ડ વિસ્તારની વોર્ડ કચેરી ખાતે અરજી/ઓનલાઇન પોર્ટલ (https://portal.vmc.gov.in/vmcportal/citizen/auth/login)પર કરી રજીસ્ટ્રેશન/ નોંધણી કરાવી શકાય. તેમજ સંસ્થાનો ( PEC)વ્યવસાય વેરો online ભરીશકાશે.
- જો રજીસ્ટ્રેશન/નોંધણીને પાત્ર વ્યકિત નિયત સમયમાં અરજી ન કરે અથવા અરજી કરવામાં વિલંબ કરે તો રજીસ્ટ્રેશનના કિસ્સામાં રૂ.૨૦/- અને નોંધણીના કિસ્સામાં રૂ.૧૦/- દૈનિક દંડને પાત્ર બને છે. જેની તમામ વ્યવસાયકારોએ નોંધ લેવી.

વહીવટી વોર્ડ કચેરીમાં નાણાકીય લેવડ-દેવડનો સમય **સવારના ૯.૩૦ કલાક થી બપોરના ૩.૦૦ કલાક** સુધીનો રહેશે.

સદર બાબતે વધુ માહિતીની જરૂર જણાય તો સંબંધિત વોર્ડ કચેરીનો કચેરી સમય દરમિયાન સંપર્ક કરવા વિનંતી છે.

પી.આર.ઓ. નં.૩૬૫/૨૦૨૬-૨૭ ડે. મ્યુનિસિપલ કમિશનર(વ)


# D.El.Ed પ્રવેશ 2026-27: કામચલાઉ મેરિટ યાદી જાહેર

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

ડી.એલ.એડ. પ્રથમ વર્ષ પ્રવેશ 2026-27 માટેની કામચલાઉ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. ઉમેદવારોએ વેબસાઈટ પર પોતાના યુઝરનેમ અને પાસવર્ડથી લોગિન કરીને મેરિટ યાદીમાં દર્શાવેલી પોતાની વિગતો ચકાસી લેવાની રહેશે. ઉમેદવારોએ ખાસ કરીને નામ, અટક, જાતિ, જન્મ તારીખ, ધોરણ-12/ITI/ડિપ્લોમાના ગુણ, ટકાવારી અને અભ્યાસનું માધ્યમ સહિતની સાત મુખ્ય વિગતોની ચકાસણી કરવાની રહેશે. વિગતોમાં કોઈ ભૂલ જણાય તો ઉમેદવારોએ વાંધા અરજી અથવા સુધારા-વધારા માટેની અરજી કરવાની રહેશે. આ માટે તા. 7, 8 અને 9 સપ્ટેમ્બર દરમિયાન જ્યાં ઉમેદવારે પોતાનું ફોર્મ જમા કરાવ્યું હતું તે જ સ્વીકાર કેન્દ્ર ખાતે અરજી કરી શકાશે. ઉમેદવારે જરૂરી પુરાવા સાથે રજૂઆત કરવાની રહેશે. જે ઉમેદવારોએ પ્રવેશ માટે ફોર્મ ભર્યું હોય પરંતુ કામચલાઉ મેરિટ યાદીમાં તેમનું નામ ન હોય.

# ICAI ની સબ-રિજિયોનલ કોન્ફરન્સ 2026 નું આયોજન

**અંતરા** - પરિવર્તન અવસરનું સર્જનની થીમ પર મંથન

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાની વડોદરા બ્રાન્ચ દ્વારા વેસ્ટર્ન ઈન્ડિયા સબ-રિજિયોનલ કોન્ફરન્સ 2026 નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે કોન્ફરન્સની થીમ અંતરા - પરિવર્તન અવસરનું સર્જન કરે છે રાખવામાં આવી છે. બે દિવસીય આ કોન્ફરન્સ જેમાં 12 કલાકના સીપીઈ ક્રેડિટનો લાભ પણ સીએ સભ્યોને મળશે.

કોન્ફરન્સનું આયોજન વેસ્ટર્ન ઈન્ડિયા રિજિનલ કાઉન્સિલ ઓફ આઈસીએઆઈ દ્વારા કરવામાં આવ્યું છે અને તેને હોસ્ટ વડોદરા બ્રાન્ચ કરી રહી છે. જેમાં આણંદ, ભરૂચ, ભાવનગર, ભુજ, ગાંધીધામ, ગાંધીનગર, જામનગર, મોરબી, નવસારી, રાજકોટ અને વાપી બ્રાન્ચ જોઈન્ટલી જોડાઈ છે, જ્યારે અમદાવાદ બ્રાન્ચનો સહયોગ



મળ્યો છે. કોન્ફરન્સના પ્રચાર-પ્રસાર અને મીડિયા પ્રતિનિધિઓ સાથે સંવાદ માટે એક પ્રેસ કોન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈના ચેરપર્સન સીએ સૌરભ અજમેરા ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાઈસ ચેરપર્સન સીએ રિકિન પટેલ, સેક્રેટરી સીએ બિશાન શાહ, ટ્રેઝરર સીએ રાકેશ શાહ, વડોદરા બ્રાન્ચના ચેરપર્સન સીએ પ્રશાંત કોટેચા અને સેક્રેટરી સીએ કુણાલ કુકરેજા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં બદલાતા સમયમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ માટે ઉભી થતી નવી તકો, ટેક્સેશન, ટેકનોલોજી અને પ્રોફેશનના ભવિષ્ય અંગે ઊંડાણપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવશે.

# સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું મહત્વનું અપડેટ, ડિજિટલ યુઝર્સ માટે એલર્ટ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કરોડો ગ્રાહકો માટે એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. જો તમે પણ ડિજિટલ લેવડદેવડ માટે SBIના યુપીઆઈ પ્લેટફોર્મનો ઉપયોગ કરો છો, તો આ અહેવાલ તમારા માટે અત્યંત જરૂરી છે. બેંક દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, આગામી ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ બેંકની UPI સેવાઓ થોડા સમય માટે અસ્થાયી રૂપે સ્થગિત રહેશે. બેંકે સોશિયલ મીડિયા પર શેર કરેલી વિગતો મુજબ, નિયમિત સિસ્ટમ અપગ્રેડેશન અને મેઈન્ટેનન્સ એક્ટિવિટીના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૪ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૧૨:૧૫ AM થી ૦૧:૦૦ AM સુધી એટલે કે કુલ ૪૫ મિનિટ માટે ગ્રાહકો યુપીઆઈ માધ્યમથી કોઈ નાણાકીય વ્યવહાર કે ચૂકવણી નહીં કરી શકે. બેંકે ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ આ સમયગાળાને ધ્યાનમાં રાખીને અગાઉથી જ પોતાના જરૂરી વ્યવહારો પૂર્ણ કરી લે, જેથી કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

# વડાપ્રધાનના કાર્યક્રમ પૂર્વે ગ્રામ્ય કક્ષાએ સફાઈ અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ પૂર્વે આગમન નિમિત્તે ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ મોટા કચરાના હોટ સ્પોટ અને ડમ્પિંગ સાઈટ ની ખાસ સફાઈ કરવામાં આવેલ છે. જેમાં તમામ સાર્વજનિક સ્થળો જેમકે બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, બજારો, હાઈ-વેને જોડતા મુખ્ય રસ્તાઓ વગેરે સ્વચ્છ કરાવવમાં આવ્યા હતા. ગામમાં આવેલ લેગસી વેસ્ટની ઓળખ કરી તેનો નિકાલ કરવામાં આવ્યો. ઘર ઘર કચરા કલેક્શન બાદ કચરો નિયત કરેલ ડમ્પિંગ સાઈટ પર લઇ જવામાં આવ્યો હતો. ગામો માંથી ઘન કચરાનો સુવ્યવસ્થિત એકત્રીકરણ,પરિવહન અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે કામગીરી કરવામાં આવી.


વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

"જાહેર સૂચના"

આથી વડોદરા શહેર વિસ્તારમાં માંસ - મચ્છી- ચીકનનો વેપાર કરતા તમામ ધંધાદારી ઈસમોને જણાવવામાં આવે છે કે, આગામી તા.૦૮/૦૯/૨૦૨૬ (મંગળવાર) થી તા.૧૬/૦૯/૨૦૨૬ (બુધવાર) (કુલ - ૦૯ દિવસ) સુધી જૈનોના પવિત્ર પર્વ-પર્યુષણ" નિમિત્તે, વડોદરા મહાનગરપાલિકા સંચાલિત કતલખાનું બંધ રહેશે.

ઉપરોક્ત ધાર્મિક તહેવાર નિમિત્તે, રાજ્ય સરકારશ્રીના આદેશ પરત્વે વડોદરા મહાનગરપાલિકા સંચાલિત કતલખાનું બંધ રહેશે. તેમજ સદર દિવસો દરમ્યાન સંબંધકર્તા તમામ વેપારીઓને તેઓનો વ્યવસાય બંધ રાખવા જણાવવામાં આવે છે.

મુખ્ય આરોગ્ય અધિકારી
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ.નં.૩૬૬/૨૦૨૬-૨૭